પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ વખતે
કસોટી/તપાસ ઉપર પ્રતિબંધ.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ-૧૧૨૦૧૧-૧૪૯-ક,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૭/૦૩/૨૦૧૧

વંચાણે લીધાઃ-

(૧) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૮-૨-૨૦૧૧ના ઠરાવ ક્રમાંકઃ પીઆરઇ-૧૧૨૦૧૧-૧૪૯-ક,

સુધારા ઠરાવ -

આમુખ (૧) માં દર્શાવવામા આવેલ શિક્ષણ વિભાગના તા.૧૮-૨-૨૦૧૧ના ઠરાવ પ્રાથમિક શાળાઓમાં પ્રવેશ વખતે કસોટી/તપાસ ઉપર પ્રતિબંધ બાબતે "The Right of Childern to free and Complusory Education Act 2009" ની કલમ-૧૩(૧) અને કલમ-૩૮ ની જોગવાઇઓથી મળેલ સત્તા અન્વયે બહાર પાડવામાં આવેલ હતો સદરહુ ઠરાવના ફકરા-૩માંની જોગવાઇ રદ કરી નીચે મુજબની જોગવાઇ લાગુ પાડવા આથી સુધારા ઠરાવ બહાર પાડવામાં આવે છે.

કાયદાની કલમ-૧૩(૧)માં કોઇપણ શાળામાં બાળકને પ્રવેશ વખતે બાળકના અથવા તેના માતાપિતા અથવા વાલીના કોઇપણ પ્રકારના ઇન્ટરવ્યુ કે કસોટી કે તપાસ કરવા ઉપર પણ પ્રતિબંધ મૂકવામાં આવેલ છે. જેથી કોઇપણ વ્યકિત જો પોતાના બાળકને કોઇપણ શાળામાં દાખલ કરવા ઇચ્છતા હોય અને તેઓ શાળાએ જાહેર કરેલ પોતાની ફી ભરવા સહમત હોય તો તે પછી બાળકને દાખલ કરવા માટે કોઇપણ બાળકને કોઇપણ પ્રકારની (માનસિક, સામાજિક કે અન્ય કોઇ પ્રકાર)તપાસ કે તેની આવડત કે જ્ઞાનની તપાસ કરી શકશે નહિ. તે જ પ્રમાણે બાળકના માતાપિતા કે વાલીનો કોઇપણ પ્રકારનો ઇન્ટરવ્યુ, તેઓની સામાજિક કે આર્થિક પૃષ્ઠભૂમિ, ક્ષમતા તેઓની શૈક્ષણિક લાયકાતો, સમાજમાં મોભો કે સ્થાન જેવી બાબતો પણ બાળકને પ્રવેશ આપવા માટે ધ્યાને લઇ શકાશે નહિ. શાળા પ્રવેશ આપવા પાત્ર સીટો પૈકી અમુક સીટો અથવા અમુક ટકા સીટો જુદી જુદી કેટેગરી (જેમ કે શાળામાં પહેલેથી ભણતા બાળકોના ભાઇ અથવા બહેન, શાળાના માજી વિદ્યાર્થીઓના છોકરા, માજી સૈનિક વગેરે) માટે અનામત રાખી શકાય, પણ આ પ્રમાણે અનામત રાખેલ સીટો અને બિનઅનામત સીટો ઉપર પ્રવેશ માટે ઉપર જણાવ્યા મુજબ બાળક કે તેના માતાપિતા/વાલીની કોઇપણ પ્રકારની તપાસ કે કસોટી કે સામાજિક, શૈક્ષણિક કે આર્થિક લાયકાતો કે ક્ષમતા પૃષ્ઠભૂમિ તપાસી શકાશે નહિ. જો શાળામાં સીટો કરતા વધારે અરજીઓ આવે તો તેવા કિસ્સાઓમાં શાળા પોતાની મેળે ન્યાયિક અને પારદર્શક પ્રક્રિયા ( Fair & Transparent procedure ) અપનાવીને પ્રવેશ આપી શકશે. આવી પારદર્શક પ્રક્રિયામાં આવેલ અરજીઓ પૈકી જે સૌ પ્રથમ આવી હોય તે પ્રમાણે

..૨...

નકકી કરી શકાશે અથવા લોટરી નાંખીને નકકી કરી શકાશે. ટૂંકમાં શાળા પોતાની મેળે આવી પ્રક્રિયા નકકી કરી શકે, પણ આવી પ્રક્રિયા ન્યાયી, વ્યાજબી અને પારદર્શક હોવી જોઇશે અને પ્રવેશ જાહેરાત આપતી વખતે કઇ કઇ કેટેગરી માટે કેટલી સીટો અનામત રાખી છે અને દરેક કેટેગરીમાં કઇ કઇ પ્રક્રિયા અપનાવીને પ્રવેશ અપાશે તે સ્પષ્ટ જણાવવાનું રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.બી.ગરાસિયા)
નાયબ સચિવ(પ્રાથમિક શિક્ષણ)
શિક્ષણ વિભાગ
ગુજરાત સરકાર.

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી,(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, સર્વ શિક્ષા અભિયાન, સેકટર-૧૭, ગાંધીનગર.
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત રાજય પાઠય પુસ્તક મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજય, ગાંધીનગર.
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વ શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગર પંચાયત.

(ઉપરના ચાર: નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ મારફત)

- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુ.રા. ગાંધીનગર.
- માહિતી નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગર તરફ રાજયના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ.
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ.
- કોમ્પ્યુટર સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.(ઓન લાઇન મુકવા સારું)
- સિલેકટ ફાઇલ. /નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.